પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : Wednesday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી ત્રણ દિવસ દાહોદ જિલ્લાની મુલાકાતે જશે**
2. **નવી દિલ્હીમાં યોજાયેલી કાર્યશાળામાં 2001ના ભૂકંપ પછી કચ્છના પુનર્નિર્માણના અહેવાલ રજૂ કરાયા**
3. **કચ્છના ગાંધીધામમાંથી બે બાંગ્લાદેશી નાગરિકની અટકાયત કરાઇ**
4. **અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ શામળાજી મંદિરની વૈશ્વિક સિદ્ધિ - 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ'માં નામ નોંધાયું**
5. **રાજ્યમાં આજથી ઠંડીમાં આંશિક વધારો થવાની શક્યતા**
6. **ફૂટબોલમાં, ભારતે પાકિસ્તાનને 2-1થી હરાવીને 10મી SAFF ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CM DAHOD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી ત્રણ દિવસ દાહોદ જિલ્લાની મુલાકાતે જશે. પોતાના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી આદિવાસી પરિવારોના ઘરે ભોજન અને રાત્રિ રોકાણ કરશે. ઉપરાંત ગ્રામજનો સાથે પ્રત્યક્ષ સંવાદ પણ કરશે. સાંભળીએ એક અહેવાલ..

VC: MAYUR SOLANKI

(મુખ્યમંત્રી ગરબાડામાં ધરતી આબા ભગવાન બિરસા મૂંડાની પ્રતિમાને પુષ્પાંજલિથી પોતાના ત્રણ દિવસના પ્રવાસનો પ્રારંભ કરશે. દરમિયાન આદિજાતિ વિસ્તાર ગરબાડાના અંતરિયાળ ગામડાઓની મુલાકાત લેશે. શ્રી પટેલ ધાનપુર તાલુકામાં જિલ્લા વહિવટી તંત્રના સંબંધિત વિભાગો સાથે વિકાસ કાર્યોની સમીક્ષા કરશે અને આદિજાતિઓના શ્રદ્ધા-આસ્થા કેન્દ્ર સમા બાબા ધોડાજા દેવ મંદિરમાં દર્શન-પૂજન કરશે. મુખ્યમંત્રીના રાત્રિ રોકાણના સ્થળોએ પરંપરાગત આદિવાસી ભજન મંડળીઓના ભજન કિર્તન પણ યોજાશે. પ્રવાસના અંતિમ તબક્કામાં તેઓ સ્માર્ટ સિટી દાહોદની સરકારી લાયબ્રેરી-વાંચનાલયની મૂલાકાત લઈને બાળકો-યુવાઓ સાથે સંવાદ કરશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

DELHI WORKSHOP KUTCH

એક મિશન તરીકે નેતૃત્વ વિષય હેઠળ નવી દિલ્હીમાં યોજાયેલી કાર્યશાળામાં 2001ના ભૂકંપ પછી કચ્છના પુનર્નિર્માણના પ્રત્યક્ષ અહેવાલો રજૂ કરવામાં આવ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સરકારના વડા તરીકેના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાયેલી આ કાર્યશાળામાં ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનોએ વિશેષ વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે ભૂકંપ બાદ કચ્છનું પુનર્નિર્માણ જનભાગીદારી , સંસ્થાકીય મજબૂતી અને સામૂહિક સંકલ્પ દ્વારા એક નવી સામાન્ય સ્થિતિ સર્જવાની વાર્તા હતી.

(BYTE: RAJIV TOPNO, ADDITIONAL CHIEF SECRETARY)

RAJYPAL - AMRELI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમરેલી જિલ્લાના વિવિધ ગામોની મુલાકાત લીધી. તેમણે રાજુલા તાલુકાના કોટડીપરા ગામે "સ્વચ્છતા હી સેવા" અભિયાનમાં ઉપસ્થિત રહી સફાઈ કર્મીઓને સન્માનિત કર્યા હતા. તેમણે ગીર ગાય ગૌશાળાની મુલાકાત લઈને ગૌ સેવા કરી સાત લાખ લીટર પાણી સંગ્રહ ક્ષમતા ધરાવતી ખેત તલાવડીનું પણ લોકાર્પણ કર્યું.

રાજ્યપાલે રાજુલા તાલુકાના સમૂહખેતી ગામની મુલાકાત દરમિયાન ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત આયોજિત રાત્રિ સભામાં જોડાયા અને "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું. તેમણે સમૂહખેતી મુકામે ગોવિંદ સાગર તળાવનું ભૂમિપૂજન પણ કર્યું.

KUTCH BANGLADESHI

કચ્છના ગાંધીધામમાંથી બે બાંગ્લાદેશી નાગરિકની અટકાયત કરવામાં આવી છે. 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ ભારતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકોને શોધી કાઢવા માટે પોલીસ દ્વારા વિશેષ કાર્યવાહી કરવામાં આવી રહી છે તે અંતર્ગત ગાંધીધામ પોલીસે મેઘપર બોરીચી વિસ્તારમાંથી બે શંકાસ્પદ મહિલાઓને ઝડપી લીધી હતી.

પ્રાથમિક તપાસમાં બંને મહિલાઓ ભારતીય પાસપોર્ટ અને વિઝા વિના ગેરકાયદેસર રીતે સરહદ પાર કરીને ભારતમાં પ્રવેશી હોવાની વિગતો સામે આવી. બંને મહિલાઓ મૂળ બાંગ્લાદેશના ગોપાલગંજ અને ખુલના જિલ્લાની રહેવાસી હોવાનું જણાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

AMC FOOD SAFETY

અમદાવાદમાં વિશેષ અભિયાન હેઠળ ભેળસેળયુક્ત બે ટનથી વધુ ખાદ્ય પદાર્થોનો નાશ કરાયો છે. મહાનગરપાલિકાએ તેની ખાદ્ય સુરક્ષા અમલીકરણ ઝુંબેશના ભાગરૂપે પહેલીથી 16 નવેમ્બર દરમિયાન શહેરમાંથી બે હજાર 832 કિલોગ્રામ અને 322 લિટર ખાદ્ય ઉત્પાદનો અસ્વચ્છ જણાયા હતા. તંત્રએ ખાદ્ય સંસ્થાઓને 148 જેટલી નોટિસ પણ પાઠવી હતી. આ 16 દિવસના વિશેષ અભિયાનમાં મહાનગરપાલિકાએ 479 એકમોની તપાસ કરી અને 4 લાખ 34 હજાર રૂપિયાનો દંડ પણ વસૂલ્યો.

VISHVASHANTI -MAHAYGYA

મહેસાણાના વડનગરમાં શ્રીકાંચી કામકોટિ પીઠાધિપતિ જગદગુરુ શંકર વિજયેન્દ્ર સરસ્વતી શંકરાચાર્ય સ્વામીના સાનિધ્યમાં 'વિશ્વશાંતિ મહાયજ્ઞ માં જળ સંપતિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ , કૃષિ, ખેડૂત કલ્યાણ , સહકાર અને પશુપાલન રાજ્ય મંત્રી રમેશ કટારા તેમજ પ્રાથમિક , માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રીઓએ યજ્ઞશાળાની મુલાકાત અને ભગવાન હાટકેશ્વરના દર્શન કરી જનસુખાકારી અને લોકકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

SHAMLAJI TEMPLE

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ શામળાજી મંદિરને વૈશ્વિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ 'માં શામળાજી મંદિરનું નામ નોંધાયું છે. મંદિરની ઐતિહાસિક વિશેષતા , સ્થાપત્યની ભવ્યતા તેમજ વિશિષ્ટ ઓળખને ધ્યાને રાખીને જ્યુરી ટીમ દ્વારા સંપૂર્ણ ચકાસણી અને વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરાયા બાદ નોંધણી કરવામાં આવી. આગામી જાન્યુઆરીમાં નવી દિલ્હી ખાતે ભારત મંડપમમાં આયોજિત થનારા ભવ્ય સમારોહમાં મંદિરને પ્રમાણપત્ર એનાયત કરાશે.

DANG - JAN JATIY GAURAV SAPTAH

‘જનજાતીય ગૌરવ સપ્તાહ ’ અંતર્ગત ભગવાન બિરસા મુંડાની **151**મી જન્મજયંતિ નિમિત્તે ડાંગ જિલ્લાના આહવા ખાતે રમતોત્સવ યોજાયો. જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામીતના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે પરંપરાગત ગ્રામીણ રમતોના જતન અને નવી પેઢીને આ રમતો સાથે જોડવાના મહત્ત્વ પર ભાર મૂક્યો.

(BYTE: VIJAY PATEL)

I KHEDUT 2.0

બાગાયત ખાતાની વર્ષ 2026-27 માટે નવીન મંજૂર થયેલી યોજનાઓનો રાજ્યના ખેડૂતો મહત્તમ લાભ મેળવી શકે તે હેતુસર આઇ-ખેડૂત પોર્ટલ 2.0 ikhedut.gujarat.gov.in ખુલ્લું મૂકવામાં આવ્યું છે , જેના પર સમગ્ર રાજ્યના ખેડૂતો 30 નવેમ્બર 2026 સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

આ અંગે વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરીના ફોન નંબર 079-265777316 પર સંપર્ક સાધવા અમદાવાદ નાયબ બાગાયત નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

SOUTH GUJARAT TRADE

દિવાળી બાદ દક્ષિણ ગુજરાતમાં વિવિધ વેપારી ક્ષેત્રોમાં તેજી જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાત વાણિજ્ય અને ઉદ્યોગ મંડળ- **SGCCI**ના પ્રમુખ અશોક જીરાવાલાએ કાપડ , ફાર્મા, હીરા, રાસાયણિક અને નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રોમાં દિવાળી પછીની તેજી અંગે આશાવાદ વ્યક્ત કર્યો. તેમણે કાચા માલના ભાવમાં ઘટાડો અને મુક્ત વેપાર કરાર- **FTA** દ્વારા નિકાસની તકોના વિસ્તરણનો પણ ઉલ્લેખ કર્યો.

(BYTE: ASHOK JIRAWALA, PRESIDENT, SGCCI)

WEATHER FC

રાજ્યમાં આજથી ઠંડીમાં આંશિક વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બેથી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટાડાની શક્યતાના પગલે ઠંડીમાં વધારો થઈ શકે છે. જોકે ત્યારબાદ લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની પણ આગાહી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST)

SAFF CHAMPIONSHIP

ફૂટબોલમાં, ભારતે ગઈકાલે રાત્રે ઢાકાના નેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક ફાઇનલમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને 2-1થી હરાવીને 10મી **SAFF** ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો અને પોતાનો તાજ જાળવી રાખ્યો. બ્લુ ટાઇગર્સે સતત ત્રીજી વખત ટુર્નામેન્ટ જીતીને ઇતિહાસ પણ રચ્યો. ભારત માટે , સુહેલ અહમદ ભટ્ટે 60મી મિનિટે અને સંદીપ મંડીએ 88મી મિનિટે ગોલ કર્યા. શનિવારે સેમિફાઇનલમાં ભૂટાનને 2-1થી હરાવીને ભારતે ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.